# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. વિદેશી યોગદાન (નિયમન) સુધારા વિધેયક , 2026 પર સંયુક્ત સંસદીય સમિતિની પ્રથમ બેઠક આજે યોજાશે.
2. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે કર્ણાટકના બેંગલુરુમાં HAL- ના વિમાનો અને હેલિકોપ્ટર ભારતીય વાયુસેના અને પવન હંસને સોંપશે.
3. માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ કહ્યું કે AI ભારતના ખેડૂતો , અને ગ્રામીણ સમુદાયો સુધી પહોંચવું જોઈએ.
4. યુરોપિયન સંઘ- યુક્રેનને મિસાઇલો અને ડ્રોન ખરીદવા માટે વધારાની 30 કરોડ યુરોની સહાય પૂરી પાડશે.
5. બિહાર, ઓડિશા પશ્ચિમ બંગાળ, સિક્કિમ, કેરળ અને રાજસ્થાનમાં આજે ભારે વરસાદની આગાહી.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# J P C -FCRA

વિદેશી યોગદાન (નિયમન) સુધારા વિધેયક, 2026 પર સંયુક્ત સંસદીય સમિતિની પ્રથમ બેઠક આજે નવી દિલ્હીમાં યોજાશે. ગૃહ મંત્રાલયના અધિકારીઓ વિધેયકની જોગવાઈઓ અંગે સમિતિને માહિતી આપશે. સાંભળીએ આ અંગે એક અહેવાલ :

(V/C-KAUSHLENDRA)

# RAJNATH-BENGLURU

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે કર્ણાટકના બેંગલુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) ના વિમાનો અને હેલિકોપ્ટર ભારતીય વાયુસેના અને પવન હંસને સોંપવા માટે એક સમારોહમાં હાજરી આપશે. બે હળવા લડાકુ FOC ટ્રેનર એરક્રાફ્ટ અને પ્રથમ હિન્દુસ્તાન ટર્બો ટ્રેનર HTT-40 બેઝિક ટ્રેનર એરક્રાફ્ટ વાયુસેનાને સોંપવામાં આવશે, અને ચાર ધ્રુવ નેક્સ્ટ જનરેશન હેલિકોપ્ટર પવન હંસને સોંપવામાં આવશે.

HTT-40 વિમાનનો વાયુસેનામાં સમાવેશ થવાથી લશ્કરી પાઇલટ તાલીમમાં ભારતની આત્મનિર્ભરતા મજબૂત થશે.

# MICROSOFT-CEO

માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ કહ્યું છે કે , આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ફક્ત મોટી ટેક કંપનીઓ સુધી જ નહીં, પરંતુ ભારતના ખેડૂતો, નાના વ્યવસાયો અને ગ્રામીણ સમુદાયો સુધી પહોંચવું જોઈએ. સિએટલમાં Ideas4India ફોરમમાં 40 થી વધુ ભારતીય-અમેરિકન ટેકનોલોજી વ્યાપરીઓને સંબોધતા , શ્રી નડેલાએ ઉદ્યોગને વ્યાપક ઍક્સેસ, રાષ્ટ્રીય ડેટા સાર્વભૌમત્વ અને માનવ દેખરેખ પર ધ્યાન કેન્દ્રિત કરવા અપીલ કરી.

અમેરિકામાં ભારતના રાજદૂત , વિનય ક્વાત્રાએ પણ આ વાતને સમર્થન આપતાં જણાવ્યું કે AI ની સફળતા સમાજને તેનાથી થતાં ફાયદાઓ દ્વારા માપવામાં આવશે.

# SEVA SANKALAP – SWATCHTA ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશ સેવાના મંત્ર અને નિરંતર પ્રતિબદ્ધતાથી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે, આ પ્રસંગે અમે 'સેવા સંકલ્પ અભિયાન'ની વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યા છીએ. આ કડીમાં આજે અમે માહિતી આપી રહ્યા છીએ સ્વચ્છતા અભિયાન વિશે..

(CAPSULE: MITTAL PATEL)

# JAYSHANKAR BHUTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભૂટાનના વિકાસ લક્ષ્યો અને પ્રાથમિકતાઓ માટે ભારતના સમર્થનની પુષ્ટિ કરી. ભૂટાનની તેમની મુલાકાત દરમિયાન , ડૉ. જયશંકરે ભૂટાનના વિદેશ મંત્રી લિંપો ડી.એલ. ધુંગ્યાલ સાથે દ્વિપક્ષીય સહયોગ અને પરસ્પર ચિંતાના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓના તમામ પાસાઓની સમીક્ષા કરી. બંને પક્ષોએ ભારત-ભૂટાન ભાગીદારીને મજબૂત બનાવવામાં થયેલી પ્રગતિની પ્રશંસા કરી.

શ્રી જયશંકર અને શ્રી ધુંગ્યાલે મોંગરમાં 65-પથારીવાળી હોસ્પિટલ, જગન્નાથન બ્રિજ અને ભૂટાનના બુમથાંગમાં રાષ્ટ્રીય પશુધન સંવર્ધન કેન્દ્રને ભારત તરફથી 43 જર્સી ગાયોની ભેટ સહિત અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. ભારતે ભૂટાન સરકારને 54 ઇલેક્ટ્રિક વાહનો પણ સોંપ્યા. બંને મંત્રીઓએ 500 કિલોવોટના લુનાના હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો.

મુલાકાત દરમિયાન , ડૉ. જયશંકર ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક અને પ્રધાનમંત્રી  દાશો ત્શેરિંગ ટોબગ્યેને પણ મળ્યા

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EU -UK-RAINFUNDDING

યુરોપિયન સંઘ- યુક્રેનને મિસાઇલો અને ડ્રોન ખરીદવા માટે વધારાની 30 કરોડ યુરોની સહાય પૂરી પાડશે. યુરોપિયન સંઘ -EU ના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે વાત કર્યા પછી આ જાહેરાત કરી.

તેમણે જણાવ્યું હતું કે , રશિયન આક્રમણ વચ્ચે EU યુક્રેનની સાથે છે. EU એ તેના "યુક્રેન સપોર્ટ લોન" હેઠળ પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમ્સ માટે ભંડોળને પણ મંજૂરી આપી છે. શ્રીમતી વોન ડેર લેયેનના જણાવ્યા મુજબ , EU એ આ વર્ષે યુક્રેન માટે આશરે 15 અરબ યુરો એકત્ર કર્યા છે. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ યુક્રેનને સમર્થન આપવા બદલ શ્રીમતી વોન ડેર લેયેનનો આભાર માન્યો.

# WEATHER

હવામાન વિભાગે આજે બિહાર , ઓડિશા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, કેરળ અને રાજસ્થાનમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તરાખંડ , આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, મધ્યપ્રદેશ, કોંકણ, ગોવા, કર્ણાટક અને લક્ષદ્વીપમાં પણ ભારે પવન ફૂંકાશે તેવી આગાહી છે.

આગામી બે દિવસ દરમિયાન તમિલનાડુ , પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, પૂર્વોત્તરના કેટલાક ભાગો અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પણ આવું જ હવામાન રહેવાની આગાહી છે. આજે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે.

# BHARAT-NEPAL-IGSC

ભારત અને નેપાળે બંને દેશોના ઉત્પાદનોમાટે બજાર પહોંચ વધારવાના પગલાં અંગે ચર્ચા કરી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયેજણાવ્યું હતું કે ગઈકાલે પૂર્ણ થયેલી અનધિકૃત વેપારને નિયંત્રિત કરવા માટે વેપાર,પરિવહન અને સહકાર પરની આંતર-સરકારીપેટા-સમિતિની બે દિવસીય બેઠક દરમિયાન વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.બજાર ઍક્સેસ, કસ્ટમ અને વેપાર સુવિધા, ધોરણો, ખાદ્ય સુરક્ષા, સરહદ માળખાકીય સુવિધાઓ, રેલ અને માર્ગજોડાણ અને અન્ય વેપાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વવાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ ઉજ્જવલ કુમાર ઘોષે કર્યું હતું અને નેપાળીપ્રતિનિધિમંડળનું નેતૃત્વ ઉદ્યોગ મંત્રાલયના સંયુક્ત સચિવ બુદ્ધ બહાદુર ગુરુંગેકર્યું હતું. બેઠકમાં હાલના માળખાગત સુવિધાઓના ઉપયોગને સુધારવા અને દ્વિપક્ષીય અનેપરિવહન વેપારને અસર કરતી કામગીરીની મુશ્કેલીઓને ઉકેલવા અંગે ચર્ચા કરવામાં આવીહતી. બંને પક્ષોએ કાયદેસર વેપારને સરળ બનાવવા, લાગુ નિયમો સાથે પાલન પદ્ધતિઓને મજબૂત બનાવવા અને પસંદગીના વેપારકરારોના દુરુપયોગને રોકવા અંગે ચર્ચા કરી હતી.

# BANGLADESH-HILSA

પ્રાદેશિક મત્સ્યઉદ્યોગ વેપારમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે. મૂળ બાંગ્લાદેશથી આયાત કરાયેલ હિલ્સા માછલી હવે ભારતમાંથી બાંગ્લાદેશમાં નિકાસ કરવામાં આવી રહી છે. સેન્ટ્રલ ઇનલેન્ડ ફિશરીઝ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ( CIFRI) અનુસાર, છેલ્લા બે મહિનામાં ભારતમાંથી બાંગ્લાદેશમાં આશરે 500 ટન હિલ્સા માછલીની નિકાસ કરવામાં આવી છે. સાંભળીએ આ અંગે એક અહેવાલ

(V/C: NAVIN)

# UDHAMPUR-OPERATION

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં ઓપરેશન સોહન દરમિયાન જૈશના બે આતંકવાદીઓને ઠાર કરવા બદલ ઉત્તરી આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ પ્રતીક શર્માએ વ્હાઇટ નાઈટ કોર્પ્સની પ્રશંસા કરી છે.

ઉધમપુર જિલ્લાના મજલતા વિસ્તારમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સીઆરપીએફના સહયોગથી હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનમાં બે જૈશ આતંકવાદીઓને ઠાર કરાયા હતાં. આતંકવાદી સંગઠન માટે કામ કરતા એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. શસ્ત્રો અને દારૂગોળો પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

# AMERIKA-CUBA

અમેરિકાએ ક્યુબાના નિકલ ખાણકામ ઉદ્યોગ અને લશ્કરી સંશોધન સંસ્થાઓને નિશાન બનાવીને ક્યુબાની આઠ સંસ્થાઓ અને ત્રણ લશ્કરી અધિકારીઓ પર પ્રતિબંધો લાદ્યા છે. અમેરિકાએ ક્યુબા સરકાર પર સામાન્ય નાગરિકોને લાભ આપવાને બદલે ખનિજ આવકનો ઉપયોગ તેના સુરક્ષા ઉપકરણને જાળવવા માટે કરવાનો આરોપ મૂક્યો છે. સાંભળીએ આ અંગે એક અહેવાલ –

(V/C-VIKAS CUBA)